# પાલનપુરની રાધાકૃષ્ણ સોસાયટીમાં ભૂગર્ભ ગટર ઉભરાતાં લોકો ત્રાહિમામ

## રોષે ભરાયેલી મહિલાઓએ પાલિકામાં રજુઆત કરી

પાલનપુર શહેરના હમીરબાગ વિસ્તાર માં આવેલ એક સોસાયટીમાં ભૂગર્ભ ગટર ઉભરાતા પીવાના પાણીમાં ભેળસેળ થતુ હોવાથી સ્થાનિક મહિલાઓ દ્વારા પાલિકામાં રજુઆત કરવામાં આવી હતી.

રજુઆત કરવામાં આવી હતી. જેથી પાલિકા દ્વારા જીયુડીસીની ભૂગર્ભની લાઈન હોવાનું જણાવ્યુ હતુ.જેથી આગામી સમયમાં પ્રશ્નનો ઉકેલ નહી આવે તો રહીશો દ્વારા અમારી રીતે પ્રશ્નનો ઉકેલ લાવવામાં આવશે તેવી ચિમકી



પાલનપુર હમીરબાગ રાધાકૃષ્ણ સોસાયટીમાં છેલ્લા બે માસથી ભૂગર્ભ ગટર ઉભરાય છે. તેમજ પાણીની પાઈપ લાઈન પણ લિકેજ હોવાના કારણે ગટરનું ગંદુ પાણી રોડ પર આવે છે. અને પીવાના પાણીમાં મીક્ષ થાય છે. જેથી સ્થાનિક રહીશોને રોગચાળો ફેલાવાની ભીતી સેવાઈ રહી છે.તેમજ ચાલવામાં પણ મુશ્કેલી પડી રહી છે.

જેના પગલે રાધા કૃષ્ણ સોસાયટીની મહિલાઓ સોમવારે પાલિકા ખાતે આવી આપી હતી.

આ અંગે પાલિકાના સુત્રો એ જણાવ્યુ હતુ કે, જી.યુ.ડી.સી દ્વારા ભૂગર્ભ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. જેમાં કેટલાક વ્યક્તિઓ દ્વારા કામપુરૂ થયા પહેલા જ જોડાણ કરી દિધુ છે.જેના કારણે ગટર લાઈન ચોકપ થવાના કારણે ગટરો ઉભરાય છે.જેથી સ્ટાફને સુચના આપવામાં આવી છે. જે જીયુડીસી વિભાગને જાણ કરી પ્રશ્નનો ઉકેલ લાવવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

# મેઘરજના કુંભેરા ગામે ત્રણ દિવસથી જંગલી પ્રાણી ત્રાટકી પશુઓનું મારણ કરતા લોકોમાં દહેશત

મેઘરજ, તા. ૧૯

અરવલ્લીની ગીરીમાળાઓમાં દીપડાઓનો વસવાટ મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યો છે. ગિરિમાળાઓની તળેટી નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં પશુઓ પર ત્રાટકી પશુઓનું મારણ કરી મિજબાની કરી હોવાની અનેક ઘટનાઓ સમયાંતરે બનતી રહે છે. ત્યારે મેઘરજના કુંભેરા પંથકમાં છેલ્લા ત્રણ દિવસમાં દીપડાએ ત્રણ પશુઓનું મારણ કરતા લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. લોકો રાત્રીએ ઘરમાથી બહાર



નીકળવાનું ટાળી રહ્યા છે. ખેડૂતો અને નાગરિકોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે સ્થાનિકોએ વનવિભાગને જાણ કરતા વનવિભાગે તપાસ હાથ ધરી જંગલી પ્રાણીને પાંજરે પુરવા તજવીજ હાથ ધરી હતી.

મેઘરજના કુંભેરા પંથકમાં હિંસક પ્રાણી છેલ્લા ત્રણ દિવસથી રહેણાંક વિસ્તારોમાં વરંડા કે ઘર આગળ બાંધેલા ત્રણ બકરાનું મારણ કરતા લોકોમાં હિંસક પ્રાણી દીપડો હોવાની બૂમો ઉઠી રહી છે. ખેડૂતો સંધ્યાકાળ પછી ખેતરમાં ખેતીક કામ માટે જતાં પણ અચકાય છે, તો વહેલી તકે વનવિભાગના અધિકારીઓ દિપડાને પાંજરે પુરી પ્રજાને ભયમુક્ત કરે તેવી ગ્રામજનોએ માંગ કરી છે.

# કાંકરેજ પંથકની કેનાલમાં યુવાન ડૂબ્યાની આશંકા, તરવૈયા દ્વારા શોધખોળ શરૂ

કાંકરેજ પંથકની મુખ્ય નર્મદા કેનાલમાં યુવક ડૂબ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ગઈકાલે બપોરના સમયે કેનાલની બાજુમાં ચપ્પલ અને બાઈક મુકી યુવકે કેનાલમાં ઝંપલાવ્યુ હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. ઘટનાની જાણ થતા રાહદારીઓ સહીત આસપાસના લોકો કેનાલ પાસે દોડી આવ્યા હતાં. જે બાદમાં તરવૈયાઓને જાણ કરાતાં યુવકની શોધખોળ હાથ ધરાઈ હતી. જોકે યુવકનો કોઈ પત્તો નહી લાગતાં અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.

બનાસકાંઠા જીલ્લાના કાંકરેજ તાલુકાના રાણકપુરથી પસાર થતી નર્મદાની મુખ્ય કેનાલમાં યુવક ડુબ્યો હોવાની વાત સામે આવી છે. ઘટનાને લઈ સ્થાનિકો દ્વારા થરાદના તરવૈયા સુતલાન મીરને બોલાવાયા હતા. જોકે તરવૈયા દ્વારા ભારે શોધખોળને અંતે પણ યુવકનો મૃતદેહ નહી મળતાં અનેક ચર્ચાઓએ જોર પકડ્યુ છે. આ તરફ યુવકનુ બાઈક અને ચપ્પલ કેનાલની બહાર પડ્યા હોઈ આપઘાત કર્યો હોવાનુ પ્રાથમિક દ્રષ્ટીએ મનાઈ રહ્યુ છે. આ લખાય છે ત્યાં સુધી યુવકની ઓળખ કે મૃતદેહ પણ મળી આવ્યો નથી.

## ડીસામાં કોરોના રસીકરણ અભિયાન અંતર્ગત ડીસાના ૬૦ તબીબોને રસીકરણ કરાયું

ભારતમાં દેશવ્યાપી રસીકરણ અભિયાનને બે દિવસ થઈ ચૂક્યા છે અને બે દિવસ દરમિયાન પ્રથમ તબક્કામાં ૨.૫૦ લાખ સ્વાસ્થ્ય કર્મચારીઓ અને ફ્ન્ટલાઈન વોરિયર આ રસી આપવામાં આવી છે. સરકારના પ્રસનીય અભિગમ અંતર્ગત ડીસા શહેર તબીબોને રસી આપવાનો કાર્યક્રમ મગલવારે ડો. હરસુખ શાહ આઈ.એમ.એ. ભવન ખાતે યોજાયો હતો.

આ રસીકરણ કાર્યક્રમમાં ડીસાના જાણીતા ૬૦ જેટલા તબીબોને પ્રવર્તમાન કોરોના વિરોધી રસીનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે ડીસા સસ્થાનાં પ્રમુખ ડો..હેતલ ગોહિલ.દ્વારા પ્રજાજન સદેશ આપતા જણાવાયું હતું કે પ્રસ્તુત કોરોના રસી ખૂબ જ અસરકારક અને સુરક્ષિત છે જેથી કોઈએ ખોટી અફવાઓ પ્રત્યે ધ્યાન આપવું નહિ અને સરકારના આ અભિયાનમાં સંપૂર્ણ સાથ આપવાનો પણ અનુરોધ કર્યો હતો.

# માતાની આંખો સામે સગીરાનું અપહરણ થતા માતા બેબાકળી બની

## શામળાજી બસસ્ટેન્ડ નજીક બાઈક પર આવેલા બે શખ્સો સગીરાને ઉપાડી

શામળાજી, તા. ૧૯

અરવલ્લી જીલ્લામાં યુવતીઓ અને સગીરાના અપહરણના બનાવોમાં નોંધપાત્ર વધારો થતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. શામળાજી પંથકમાં પોલીસતંત્ર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં ઉણી ઉતરી હોય તેવા દ્રશ્યો ઠેર ઠેર સામે આવી રહ્યા છે. ભિલોડામાંથી યુવતીના અપહરણની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે વધુ એક સગીરાનું અપહરણની ઘટના સામે આવી છે. હિંમતનગરથી ભિલોડાના ગ્રામ્ય વિસ્તારમાં વતન જવા નીકળેલ માતા અને પુત્રી શામળાજી બસસ્ટેન્ડ રોડ પરથી પસાર થતા હતા ત્યારે ઓડ ગામનો યુવક અન્ય એક શખ્સ સાથે મળી સગીરાનું બાઈક પર અપહરણ કરી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. પુત્રીનું આંખો સામે અપહરણ થતા માતાએ બૂમાબૂમ કરી મૂકી હતી, પુત્રીનું બાઈક પર અપહરણ થતા તેની માતાએ શામળાજી પોલીસ સ્ટેશનમાં ઓડ ગામના કીરણ પ્રકાશ ગામેતી અને તેના સાગરીત



સામે ગુન્હો નોંધાવતા પોલીસે પોક્સો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ભિલોડાના ગ્રામ્ય વિસ્તારનો એક પરિવાર હિંમતનગર સહકારી ચાર રસ્તા પર ખાનગી કંપનીમાં નોકરી કરી જીવનનિર્વાહ ચલાવી રહ્યો છે. સોમવારે વતનમાં કામકાજ હોવાથી પુત્રી અને માતા સવારે ૮ વાગે ઘરેથી નીકળ્યા હતા. શામળાજી બસસ્ટેન્ડ નજીક રોડ પરથી પસાર થતા હતા ત્યારે ઓડ ગામનો કિરણ પ્રકાશ ગામેતી નામનો યુવક અન્ય એક શખ્સ સાથે બાઈક પર પહોંચી સગીરાનું બાઈક પર અપહરણ કરી રફુચક્કર થતા સગીરાની માતા સુન્ન થઈ ગઈ હતી. શામળાજી બસસ્ટેન્ડ નજીકથી સગીરાનું અપહરણ થતા બુમાબુમ કરતા લોકો દોડી આવ્યા હતા, આખરે પોતાની દીકરીનું ધોળા દહાડે અપહરણ થતા પરિવારજનોને જાણ કરતા પરિવારજનો અને સગા-સબંધી શામળાજી દોડી આવ્યા હતા અને અપહત્ય યુવતીની શોધખોળ હાથ ધરી હતી.

શામળાજી બસ સ્ટેન્ડ નજીક રોડ પરથી સગીરાને બે શખ્સો બાઈક પર ઉઠાવી જતા શામળાજી પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી. શામળાજી પોલીસે અપહરણ થયેલ સગીરાની માતાની ફરિયાદના આધારે કીરણ પ્રકાશ ગામેતી (રહે, ઓડ, ભિલોડા) અને અજાણ્યા બાઈકચાલક વિરુદ્ધ પોક્સો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

### અંધશ્રદ્ધાનો અદભુત નમૂનો

# ભૂતિયા ગામે લીમડાના ઝાડમાંથી સફેદ પ્રવાહી નીકળતા કુતૂહલ

મેઘરજ, તા. ૧૯

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ભૂતિયા ગામે ઘર નજીક આવેલા એક લીમડાના ઝાડમાંથી સફેદ કલરના દૂધ જેવા તરલ પ્રવાહી



નીકળવાની ઘટનાએ ગ્રામજનોમાં ભારે કુતૂહલ પેદા કર્યું છે. છેલ્લા ત્રણ દિવસથી નીકળતા પ્રવાહીને કેટલાક ગ્રામજનો ધાર્મિક ચમત્કાર સાથે સરખાવી રહ્યા છે. લોકો લીમડામાં દેવી દેવતાનો વાસ હોવાનું જણાવી રહ્યા છે અને સફેદ પ્રવાહીમાંથી નાળિયેરના પાણી જેવો સ્વાદ આવતો હોવાથી પ્રસાદીરૂપે ગ્રહણ કરી રહ્યા છે. હાલ તો ભુતિયા ગામે લીમડાના ઝાડમાંથી નીકળતા સફેદ પ્રવાહીને જોવા લોકોના ટોળેટોળા ઉમટી રહ્યા હોવાની સાથે શ્રદ્ધાને પણ જોડી રહ્યા છે. બીજી બાજુ આ જીઓલોજીક ડિસઓર્ડર નામની ઝાડમાં જોવા મળતી એક પ્રકારની બીમારી હોવાનું વનસ્પતી પ્રેમીએ જણાવ્યું હતું.

ભુતિયા ગામે રહેણાંક મકાન પાસે આવેલ લીંબડાના ઝાડના થડમાંથી દૂધ જેવું પ્રવાહી છેલ્લા ૩ દિવસથી નીકળી રહ્યું છે. આ ઘટનાની જાણ ગ્રામજનોમાં થતા લોકટોળા એકત્ર થઈ રહ્યા છે, કેટલાક ગ્રામજનો આ ઘટનાને ધાર્મીક ચમત્કાર સાથે સરખાવી રહ્યા છે. સ્થાનીક લોકો લીમડામાંથી અચાનક જ સફેદ રંગનુ પ્રવાહી નીકળતું હોવાથી અનેક ચર્ચાઓએ જોર પકડ્યું છે. કેટલાક લોકો તો લીમડામાં નદીની જેમ પાણી વહેવાનો અવાજ આવતો હોવાનું જણાવી રહ્યા છે અમુક લોકો તો સફેદ પ્રવાહીને ચમત્કારીક પ્રવાહી તરીકે બોટલ પણ ભરી ઘરે લઈ જતા હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી.

### લીમડાના ઝાડમાંથી સફેદ પાણી કેમ નીકળે છે તે જાણો

વનસ્પતિશાસ્ત્રમાં આવી ઘટનાને રસાયણીક ક્રિયા તરીકે વર્ણવવામાં આવી છે. જેમાં લીમડાના વૃક્ષમાંથી તરલ પદાર્થ નીકળે તે જીઓલોજીકલ ડીસ ઓર્ડરની બીમારી થઈ હોવાનું જણાવાયું છે. લીમડાના થડમાંથી સફેદ દૂધ જેવું પ્રવાહી નીકળે છે. એ ઘટના ચાર-પાંચ દિવસ બાદ બંધ થઈ જાય છે. જો કે ભૂતિયા ગામની ઘટનાએ ગ્રામજનોમાં ભારે કુતુહલ પેદા કર્યું છે, આસપાસના ગામોમાંથી પણ લોકો કુતુહલવશ ત્યાં પહોંચી રહ્યા છે.

## બનાસકાંઠામાં સતત બીજા દિવસે કોરોનાની ગેરહાજરી

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જ દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો પ્રકોપ ક્રમશ ધીમો પડ્યો હતો. ત્યારે મંગળવારે કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હતો. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૪૧૩૭ પર સ્થિર રહી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવાર બાદ સતત બીજા દિવસે મંગળવારે પણ કોરોનાએ રજા રાખતા એક પણ કેસ નોંધાયો ન હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, મંગળવારે કોરોનાની ગેરહાજરી નોંધાતા કોરોનાનો એક પણ કેસ નોંધાયો ન હતો. કુલ ૬૬૭ સેમ્પલમાં થી એક પણ પોઝેટિવ કેસ નોંધાયો નથી.

## મહારાણા પ્રતાપ મહાપરાક્રમી વીર રાજાની પુણ્યતિથીએ પુષ્પાંજલિ

વડગામ, તા. ૧૯

કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ બનાસકાંઠા જીલ્લા ટીમ દ્વારા હિંદુ હૃદય સમ્રાટ મહાપરાક્રમી વીર યોદ્ધા મહારાણા પ્રતાપની પાલનપુર પ્રતિમાને કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ બનાસકાંઠાના હોદેદારોએ નમન વંદન કરી પુષ્પાંજલી અર્પણ કરી હતી. આંતર રાષ્ટ્રીય રાષ્ટ્રવાદી સંગઠન કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ મુકેશભાઈ દરજી, કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ઉષાબેન જોષી, કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ મંત્રી બાલકૃષ્ણ જીરાલા, ભગવા સ્વયંસેવક સંઘના પ્રદેશ અધ્યક્ષ અશોકભાઈ પુરોહિત, પાલનપુર નગરપાલિકાના કોર્પોરેટર જાગૃતિબેન મહેતા, કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ ગુજરાત પ્રદેશ સોશિયલ મીડિયા સંયોજક અંકિતભાઈ મોદી, કૈલાશ માનસરોવર મુક્તિ આંદોલન સમિતિ બનાસકાંઠા ઉપાધ્યક્ષ ફૂલસિંહજી ડાભી વગેરે હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# દાંતાના કુંવારશી નજીક જીપ અને બાઈક ટકરાયા, મહિલાનું મોત

દાંતા પંથકમાં માર્ગ અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો હોય તેમ વધુ એક ઘટના સામે આવી છે. ગઈકાલે સંબંધીના ઘરેથી પરત ફરતી વખતે કમાન્ડર જીપમાં બેસી પરિવાર જતો હતો. આ દરમ્યાન કમાન્ડર ચાલકે કાબૂ ગુમાવતાં બાઈકને ટક્કર મારી હતી. જે બાદમાં બાઈક વચ્ચેની સીટમાં બેસેલ મહિલાને અથડાયું હતુ. આ સાથે કમાન્ડર જીપની પાઈપો પણ વાગતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત મહિલાનું સારવાર દરમ્યાન મોત થયુ છે. બનાસકાંઠા જીલ્લાના દાંતા પંથકના કુવારશી ગામ નજીક માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. ગઈકાલે સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના જાંબુડી ફળો ગણવાનો પરિવાર સંબંધીને મળી વાગડાસાથી પરત ઘરે જઈ રહ્યો હતો.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ વધુ
૧૦ લાખ કુટુંબોના ૫૦ લાખ લાભાર્થીઓના સમાવેશ અન્વયે
રાજ્યના ૧૦૧ તાલુકામાં સામુહિક કાર્યક્રમ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી
કેશોદ, જિ. જુનાગઢ ખાતેથી વિડીયો કોન્ફરન્સ દ્વારા સંબોધન કરશે
તારીખ : ૨૦ જાન્યુઆરી, ૨૦૨૧ સમય : ૨:૦૦ થી ૩:૩૦ કલાકે
સ્થળ : આઈ.ટી.આઈ. કેમ્પસ, કેશોદ, જિ. જુનાગઢ.

બાંધકામ શ્રમિકો
વૃદ્ધ પેન્શન મેળવતા લાભાર્થીઓ
દિવ્યાંગ લાભાર્થીઓ
ગંગાસ્વરૂપ બહેનો
ઉપરોક્ત લાભાર્થીઓનો આપો આપ N.F.S.A.માં સમાવેશ

- વૃદ્ધ વ્યક્તિની વય મર્યાદા ૬૫ થી ઘટાડીને ૬૦ વર્ષ કરવામાં આવેલ છે
- N.F.S.A. રાશન કાર્ડ વિભાજન બાદ પણ N.F.S.A. કાર્ડ તરીકે યથાવત રહેશે
- ઓટો રિક્ષા-છકડો-મીની ટેમ્પો જેવા ત્રણ પૈડાના વાહનધારકોનો આવક મર્યાદા મુજબ યોજનામાં સમાવેશ

"વન નેશન, વન રાશનકાર્ડ" યોજના

- દેશના અન્ય રાજ્યોના પરપ્રાંતિય N.F.S.A. રેશનકાર્ડ ધારકો ગુજરાત રાજ્યમાં પણ અન્ન પુરવઠો મેળવી શકશે
- ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રાશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે
- લાભાર્થી પોતાના બન્ને હાથના અંગૂઠા કે આંગળી પૈકી કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અનાજ મેળવી શકશે

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" હેઠળ વધુ ને વધુ લાભાર્થીઓને આવરી લેવાનો ગુજરાત સરકારનો દ્રઢ નિર્ધાર - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ